ક્રી.કે.સી. નં............./..................

સદર કેસની જોગવાઇઓ જોતા ગંભીર ગુનાની કલમો નથી કે મીનીમમ સજાની જોગવાઇ વાળો કોઇ કેસ નથી સદરહુ કેસના મુળ કેસ પેપર્સ ઉપલબ્ધ ન હોય અને કબુલાત લેવા પાત્ર કેસ જણાતો હોય અને પાંચ વર્ષ જુના કેસની કેટેગરીમા આવતો હોય હાલ રેકર્ડ ઉપર કોઇ ઉચ્ચ કક્ષાનો હુકમ થયેલ હોય કે કોઇ માર્ગદર્શન આપેલ હોય તો તેવી કોઇ હકીકત રેકર્ડ પર ઉપલબ્ધ નથી કે જાણમા નથી. વધુમા હાલના કેસમા કલમ ૨૫૬, ૨૫૮ અન્વયે સ્ટોપ પ્રોસેડીંગ થઇ શકે તેવો ડેડવુડ પ્રકારનો કેસ હોય વખતોવખતની માર્ગદર્શીકા ધ્યાને લેતા અને ભવિષ્યમા પ્રોસીક્યુશન તરફે કોઇ અરજી આવ્યેથી કે આરોપી હાજર થયેથી કે કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર આવે તો કલમ ૩૦૦(૫) મુજબ ફરી ફાઇલે લેવા સામે કોઇ બાધ રહેતો ન હોય સદરહુ કેસની આગળની પ્રક્રિયા અટકાવી સ્ટોપ પ્રોસેડીંગનો હુકમ કરવામા આવે છે.

જે સબંધે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom) ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, **Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certainsituations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to.**

સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીની મળી આવવાની શકયતા નહીવત રહેલ હોય સમન્સ ટ્રાયલ કેસ હોય ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ અન્વયે સ્ટોપ પ્રોસીડીંગ કરવામાં આવે છે.

અમદાવાદ

તા. ૦૮/૦૩/૨૦૨૫

(જે.એસ.શાહ)

એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

કોર્ટ નં. ૧૦ અમદાવાદ